
# બીરબલ કહે છે



એક વખત અકબરને બીરબલની કસોટી કરવાનું મન થયું. તેણે એક ઝવેરીને પોતાની સમક્ષ હાજર કર્યો, ઝવેરી અદબ વાળી ઉભો રહ્યો અને બાદશાહના હુક્મની પ્રતીક્ષા કરવા લાગ્યો. અકબરે કહ્યું, " તું આવતીકાલે દરબારમાં હાજર રહેજે." ઝવેરીએ કહ્યું, "જેવો આપનો હુકમ !" અને પછી અકબરે કહ્યું, "એક હીરો સાચો લાવજે, અને એક હીરો ખોટો લાવજે અને ખબરદાર ! બેય એક સરખા, અદલબદલ થઈ જાય એવા; સમજ્યો ? " ઝવેરીએ કહ્યું, "સમજ્યો" અને તે કુરનીશ બજાવીને ગયો.

બીજે દિવસે દરબાર ભરાણો. અકબર પોતાના સિંહાસન ઉપર બિરાજમાન થયો. તેની આજુબાજુ એમના નવરત્નો બિરાજ્યા અને સામે દરબારીઓ ગોઠવાયા. દરબાર હક્કડેઠઠ થયો કે દરવાન પ્રવેશ્યો. તેણે કુરનીશ બજાવીને કહ્યું, "જહાંપનાહ, એક ઝવેરી સલામે આવ્યો છે." અકબર વાતને સમજી ગયો. તેણે કહ્યું, "ઈજાજત છે !" દરવાન ઝવેરીને બાદશાહની રજામંદી પહોંચાડવા ગયો. દરબાર આખો, આ બધું જિજ્ઞાસાથી જોઈ રહ્યો; તે કંઈ સમજે એ પહેલાં ઝવેરી દરબારમાં પ્રવેશ્યો. તેણે બાદશાહને કુરનીશ બજાવીને નિવેદન કર્યું, "જહાંપનાહ, આ નાચીઝ આપને માટે એક ભેટ લાવ્યો છે." બાદશાહે આશ્ચર્ય દર્શાવતા કહ્યું, "કયા ?" ઝવેરીએ કહ્યું, "જહાંપનાહ, હું બે હીરા લાવ્યો છું. એક અસલી છે, બીજો નકલી છે. આપ અસલી હીરાની ભેટ સ્વીકારો એવી મારી ગુજારીશ છે." અને ઝવેરીએ સોનાની કાસ્કેટમાં બેય હીરા બાદશાહ સમક્ષ ધર્યા. અકબર બેય હીરા ફાટી આંખે જોઈ રહ્યો. બેયના કદ, રંગરૂપ અને ચમક એક સરખાં હતાં. કોઈની હેસિયત નહતી કે અસલી નકલી પિછાણી શકે ! અકબર ખુશ થઈ ગયો. તેણે દરબાર સમક્ષ હીરા ધર્યા અને કહ્યું, "છે કોઈ અસલી હીરાનો પારખુ ? " દરબારીઓ એકબીજા સામે જોઈ રહ્યા. કોઈનામાં કસોટીની સરાણે ચઢવાની હિંમત નહતી. બાદશાહે મોકો સાધ્યો. તેણે બીરબલને કહ્યું, " તું અસલી નકલીનો ભેદ જાણી શકશે એવી મને ઉમ્મીદ છે, તું અસલી હીરો પારખી બતાવ."

દરબારીઓ બાદશાહનું આ ફરમાન સાંભળી બીરબલ શું કરે છે તે જાણવા ઉત્સુક બની ગયા. બીરબલ પોતાના આસનેથી ઉભો થયો, આગળ આવ્યો, બાદશાહને ઝૂકીને સલામ કરી; એ જ

વખતે સલીમ દરબારમાં પ્રવેશ્યો. બીરબલની સલીમ ઉપર નજર પડી અને તેના મનમાં ઉકેલ ચમકી ગયો.

તેણે બાદશાહને સલામ કરીને પૂછ્યું, "હું અસલી હીરો પારખી બતાવું ? " અકબરે કહ્યું, "ચોક્ક્સ." બીરબલે સ્મિત કર્યું, પછી સલીમને બતાવીને કહ્યું, "જહાંપનાહ, આ તમારો અસલી હીરો છે".

અને દરબારીઓમાંથી 'વાહ વાહ ! ક્યા કહી ! બહોત કહી ! " ની ગુંજ ઊઠી. બીરબલે અસલી-નકલીનો ભેદ બરાબર ઉકેલી દીધો. અકબર તેની ચતુરાઈ ઉપર આફરીન પોકારી ઊઠયો. તેણે ઝવેરીએ આણેલાં બેય હીરાઓની બીરબલને ભેટ આપી.

આ પછી દરબાર બીરબલના વખાણ કરતો કરતો બરખાસ્ત થયો. બીરબલ કહે છે–મા-બાપને માટે સંતાનો જ અસલી હીરા, મોતી અને માણેક છે.

લેખક: ગુલાબરાય જોબનપુત્રા